# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/227 Dt. 03/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,



(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલી ઝોનલ લેવલની મિટીંગમાં MSME એકમોના પ્રશ્નોની અધિકારીઓ સમક્ષ રજૂઆત કરાઇ

**સુરતઃ** અમદાવાદ સ્થિત MSME–DFO ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસ અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સંયુકત ઉપક્રમે બુધવાર, તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે ભારતમાં MSME માટે કોસ્ટ એન્ડ કોમ્પીટિટીવનેસ વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિ તરીકે ચેમ્બરની MSME કમિટીના ચેરમેન સીએ મનિષ બજરંગે હાજરી આપી સુરતના MSME એકમોના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી.

થોડા દિવસો અગાઉ પણ સુરત ખાતે MSME એકમો માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જે વર્કશોપ યોજાયો હતો તેમાં MSMEની વિવિધ સમસ્યાઓ અને પ્રશ્નોને MSME ના અધિકારીઓ દ્વારા સાંભળવામાં આવ્યા હતા. દરમ્યાન આજે અમદાવાદ ખાતે સમગ્ર ઝોનલ લેવલની મિટીંગ મળી હતી, જેમાં MSMEના કુલ ૬ હજાર જેટલા પ્રશ્નો અધિકારીઓ દ્વારા શોર્ટલીસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૫૦ પ્રશ્નો જ સિલેકટ કરવામાં આવ્યા હતા, આ પ્રશ્નોને કેન્દ્ર સરકાર સુધી અધિકારીઓ દ્વારા પહોંચાડવામાં આવશે.

ઉપરોકત ૫૦ પ્રશ્નોમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કરાયેલી રજૂઆતના પાંચ પ્રશ્નો સિલેકટ થયા હતા. ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ દ્વારા નવી દિલ્હી સ્થિત MSME મંત્રાલયના ડેપ્યુટી ડિરેકટર જનરલ સુશ્રી કાજલ જૈન અને અમદાવાદ સ્થિત MSME–DFO (ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન

ઓફિસ)ના વડા અને જોઇન્ટ ડિરેકટર શ્રી મનોજ કુમાર વત્સ સમક્ષ ટ્રેડર્સને MSMED એકટ હેઠળ સેકશન 43B(h) માટે MSME એકમો તેમજ ટ્રેડર્સને સમકક્ષ લાવવામાં આવે તેવી રજૂઆત કરાઇ હતી. આ ઉપરાંત, સુરતમાં ૬૦૦ એમએલડીનો સીઇટીપીનો પ્લાન્ટ છે તેને પાંચ વર્ષ સુધીમાં વધારીને ૨૦૦૦ એમએલડીનો કરવામાં આવે તે મુદ્દો પણ અધિકારીઓએ ચર્ચામાં લીધો હતો. ચેમ્બરની આ રજૂઆતને પણ તેઓ કેન્દ્ર સરકાર સુધી પહોંચાડશે.

તદુપરાંત, સુરતમાં મેન મેઇડ ફાયબરની ટેસ્ટીંગ લેબોરેટરી નથી, આથી યાર્ન માટે ટેસ્ટીંગ લેબોરેટરી સુરતમાં ઉભી કરવામાં આવે તેમજ તેનું સેન્ટર સુરતને આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી. વધુમાં, એમઇજી – પીટીએ પર જે એન્ટી ડમ્પીંગ ડયુટી છે તેમજ ૧૮ ટકા જીએસટીનો દર છે, એમાં એન્ટી ડમ્પીંગ ડયુટી કઢાવવા માટેની રજૂઆત કરાઇ હતી તે પણ MSMEના ઉચ્ચ અધિકારીઓએ માન્ય રાખી કેન્દ્ર સરકાર સુધી રજૂઆત પહોંચાડવાની ખાત્રી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ દ્વારા MSME એકમો માટે અન્ય રજૂઆતો પણ કરી હતી, પરંતુ ઉપરોકત ચાર મુદ્દાઓ સંદર્ભેની રજૂઆતો મુખ્યત્વે હતી, જે અધિકારીઓએ શાંતિપૂર્વક સાંભળી હતી અને એમની કક્ષાએ આ રજૂઆતને સ્વીકારી કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવાની ખાત્રી આપી હતી.